BUSINESS મિત્ર

બેન્ક નિફ્ટી લાલ નિશાનમાં, રોકાણકારોની સંપત્તિમાં રૂ. 59000 કરોડનો ઘટાડો થયો

સેન્સેક્સ-નિફ્ટી બેઉતરફી વધઘટે સપાટ બંધ

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 10: હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલવા માટે અમેરિકા સમક્ષ ઘણી મોટી માંગણીઓ મુકી હતી, જેના કારણે બજારમાં દબાણ જોવાયું હતું. બીજી તરફ, અમેરિકામાં અપેક્ષિત કરતા નબળા જોબ્સ રિપોર્ટ બાદ સપ્ટેમ્બરમાં વ્યાજ વધવાની સંભાવનામાં ઘટાડો જોવાયો હતો. જેના પરિણામે આજે દિવસ દરમ્યાન બેઉતરફી વધઘટે સપાટ બંધ રહ્યા હતા. જેમાં સેન્સેક્સ અને નિફ્ટી નજીવા સુધારા સાથે સપાટ બંધ રહ્યા હતા. જ્યારે બેન્ક નિફ્ટી લાલ નિશાનમાં બંધર ઘ્યા હતા. આજે લાર્જકેપ શેરની સાથે સાથે બ્રોડર માર્કેટમાં પણ વેચવાલી હાવી રહી હતી.

સેકટર વાઇઝ જોઇએ તો જાહેર ક્ષેત્રની બેન્કોના ક્ષેત્રે બજાર પર દબાણ લાવવાનો સખત પ્રયાસ કર્યો હતો, તેમાં પીએસયુ બેન્ક ઇન્ડેક્સ દોઢ ટકાનો ઘટાડો જોવાયો હતો. બીજી તરફ, ખાનગી બેન્કો અને મેટલ કંપનીઓના શેરોમાં બજારને ઉપર લાવવા માટે સખત પ્રયાસ કર્યો હતો. મેટલ શેરોમાં લેવાલીના જોરે મેટલ ઇન્ડેક્સ એક ટકાથી વધુ ઉછળ્યો હતો. જ્યારે પ્રાઇવે બેન્ક ઇન્ડેક્સ અડધા ટકાનો સુધારો જોવાયો હતો. જેના પરિણામે બીએસઇ લિસ્ટેડ કંપનીઓની સંપત્તિમાં રૂ. 59000 કરોડનો ઘટાડો નોંધાયો છે.

બીએસઇ લિસ્ટેડ કંપનીઓની કુલ માર્કેટ કેપ રૂ. 494.81 લાક કરોડથી ઘટીને 494.22 લાખ કરોડ પર પહોંચી છે.

રોકાણકારોએ પ્રથમ કવાર્ટરની કમાણીનું મુલ્યાંકન કર્યુ હોવાથી આજે નાના લાભ સાથે સમાપ્ત થયા હતા. જોકે, ગત સપ્તાહે કલોઝીંગ ઓકશન સેશન મિકેનીઝમની રજૂઆત બાદ બજારનું સેન્ટિમેન્ટ સાવચેત રહ્યું હતું, જેણે ટ્રેડિંગની અંતિમ મીનીટોમાં વધતી અસ્થિરતા સર્જી હતી. ક્રુડ ઓઇલના ભાવ પર તેની સંભવિત અસર સાથે, સતત ભૌગોલિક રાજકીય અનિશ્ચિતતાએ રોકાણકારોને સાવચેત રાખ્યા હતા. સેકટર વાઇઝ જોઇએ તો રિયલ્ટી, પ્રાઇવેટ બેન્ક અને મીડિયા શેરોમાં સુધારો થયો હતો, જ્યારે પીએસયુ બેન્ક, ઓઇલ એન્ડ ગેસ તથા ફાર્મા શેરો ઘટ્યા હતા.

બીએસઇ સેન્સેક્સ 43.27 પોઇન્ટ એટલે કે 0.06 ટકા વધીને 78542.44 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 78676 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 78298 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો. નિફ્ટી 13.15 પોઇન્ટ એટલે કે 0.05 ટકા વધીને 24583.80 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 24620 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24511 પોઇન્ટ સુધી ઉછળી હતી. જ્યારે બેન્ક નિફ્ટી 59.50 પોઇન્ટ એટલે કે 0.01 ટકા ઘટીને 57686.95 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે 13.63 ગણા, પોલી મેડિક્યોરમાં 12.73 ગણા, હિટાચી એનર્જીમાં 4.3 ગણા, બીઇએમએલ લિ.માં 3.56 ગણા, ગ્રાસીમ ઇન્ડ.માં 3.41 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે ધ રેમ્કો સિમેન્ટમાં 8.96 ગણા, પોલી મેડીક્યોરમાં 8.94 ગણા, બીઇએમએલમાં 7.47 ગણા, આઇટીઆઇમાં 5.89 ગણા અને હિટાચી એનર્જીમાં 5.07 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.17 ટકા અને સ્મોલકેપ ઇન્ડેકસ 0.04 ટકા વધ્યો હતો.

યુરોપિયન બજારમાં એફટીએસઇ 0.33 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. જ્યારે કેક 0.11 ટકા અને ડેક્સ 0.39 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 1.92 ટકા, સ્ટ્રેઇટસ સપાટ, હેંગસેંગ 1.15 ટકા, તાઇવાન 1.56 ટકા, કોસ્પી 0.65 ટકા અને શાંઘાઇ 0.67 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે જકાર્તા 0.70 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

રૂપિયામાં પ્રત્યાઘાતી ઘટાડો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 10: કરન્સી બજારમાં ડોલરમાં સુધારો આગળ વધ્યો હતો. આજે ડોલરની સામે રૂપિયો 9 પૈસા ઘટીને 95.30ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યરે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.21ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 109.54, પાઉન્ડ 128.78, કેનેડિયન ડોલર 68.56, ઓસ્ટ્રેલિયન ડોલર 67.66, જાપાનીઝ યેન 0.6002 અને સીંગાપોર ડોલર 74.45ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	95.30 રૂ.
યુરો	109.54 રૂ.
પાઉન્ડ	128.78 રૂ.
યેન	0.6001 રૂ.

સેન્સેક્સ	43.27	78542.44
નિફ્ટી	13.15	24583.80
બેન્ક નિફ્ટી	-59.50	57686.95

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટાઇટન કંપની	3.02	5090.00
ટાટા કન્ઝ્યુમર	2.44	1108.70
બજાજ ફાઇનાન્સ	2.24	1102.20
શ્રીરામ ફાઇનાન્સ	2.04	1137.80
ગ્રાસીમ ઇન્ડ.	1.73	3380.50

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એસબીઆઇ	2.39	1071.00
ઇટર્નલ	1.51	310.25
આઇટીસી	1.21	282.65
ડો. રેડ્ડીઝ લેબ	1.13	1158.80
ટીસીએસ	1.10	2425.70

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટાઇટન કંપની	3.14	5098.20
બજાજ ફાઇ.	1.93	1102.85
બજાજ ફિનસર્વ	1.15	2024.95
ટાટા સ્ટીલ	1.09	190.05
એશિયન પેઇન્ટસ	1.07	2750.00

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એસબીઆઇ	2.19	1072.00
ઇટર્નલ	1.57	310.50
એનટીપીસી	1.52	339.75
આઇટીસી	1.23	282.00
ટીસીએસ	0.80	2434.00

ડિજિટલ પેમેન્ટમાં છેતરપિંડીના કેસ 5.85 લાખને વટાવી ગયા

પાંચ વર્ષમાં તેના કારણે રૂ. 3,590 કરોડનું નુકશાન

મુંબઈ, તા. 10: ડિજિટલ પેમેન્ટમાં છેતરપિંડીના કેસ 5.85 લાખને વટાવી ગયા, પાંચ વર્ષમાં તેમાં રૂ. 3,590 કરોડનું નુકશાન થાય છે. 2021-22માં ડિજિટલ છેતરપિંડીના કેસ 65,890 હતા, જેમાં રૂ. 252.07 કરોડનું નુકશાન થયું હતું. 2022-23માં ફ્રોડમાં વધારો થયો હતો અને તેમાં કેસ વધીને 75,770 થયા, જેમાં રૂ. 420.14 કરોડનું નુકશાન થયું હતું.

નાણા રાજ્યપ્રધાન પંકજ ચૌધરીએ જણાવ્યું કે, 2021-22 અને 2025-26 વચ્ચે, ભારતે 5,85,751 ડિજિટલ પેમેન્ટ ફ્રોડ કેસ નોંધ્યા હતા, જેમાં કુલ રૂ. 3,590.70 કરોડનું નુકશાન થયું હતું.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) માંથી મેળવેલા આંકડા દર્શાવે છે કે 2021-22 અને 2023-24 વચ્ચે ઘટનાઓ ચાર ગણી વધી ગઈ છે, પરંતુ ત્યારબાદ બે વર્ષમાં તેમાં ઘટાડો થયો છે. છેતરપિંડીના કેસ 2021-22માં 65,890 હતા, જે 252.07 કરોડ રૂપિયાના હતા, જે 2022-23માં 75,770 થયા, જેમાં રૂ. 420.14 કરોડનો સમાવેશ થાય છે. ત્યારબાદ 2023-24માં આ સંખ્યા ઝડપથી વધીને 2,93,239 થઈ ગઈ, જેમાં રૂ. 2,060.75 કરોડનો સમાવેશ થાય છે.

2024-25 માં 1,44,855 કેસ અને રૂ. 821.88 કરોડનો ઘટાડો થયો. 2025-26 માટે, સરકારે રૂ. 35.86 કરોડના 5,997 કેસ નોંધાવ્યા હતા.

છેતરપિંડીમાં દેખાતા ઘટાડાનું રિપોર્ટિંગ ધોરણોમાં ફેરફાર છે. 15 જુલાઈ, 2024 ના રોજ જારી કરાયેલા RBIના સુધારેલા માસ્ટર ડાયરેક્શન્સ ઓન ફ્રોડ રિસ્ક મેનેજમેન્ટ હેઠળ, બેંકોએ હવે ફક્ત તે ડિજિટલ છેતરપિંડીના કેસોની રિપોર્ટ ફ્રોડ મોનિટરિંગ રિટર્ન દ્વારા કરવાની રહેશે જે "બેંક પર છેતરપિંડી તરીકે નિષ્કર્ષ પર આવે છે", જે અગાઉ ઉપયોગમાં લેવાતી વ્યાખ્યા કરતાં મર્યાદિત છે. ડિજિટલ પેમેન્ટ છેતરપિંડીનો સામનો કરવા માટેના પગલાં અંગે, મંત્રીએ RBI, NPCI અને અન્ય એજન્સીઓ દ્વારા લેવામાં આવેલા નિયમનકારી અને અમલીકરણ પગલાંઓની જાણકારી આપી.

2026ના અંત સુધીમાં સોના-ચાંદીમાં ભારે તેજી આવી શકે

સોનાનો ભાવ 5000 ડોલર અને ચાંદીનો ભાવ 90 ડોલર સુધી પહોંચી જશે

મુંબઇ, તા. 10: વૈશ્વિકકોમોડિટી માર્કેટમાં સોના અને ચાંદીના ભાવમાં આગામી સમયમાં મોટો વધારો જોવા મળી શકે છે. વર્ષ 2026ના અંત સુધીમાં આંતરરાષ્ટ્રીય બજારમાં સોનું 4800 ડોલરથી 5000 ડોલર પ્રતિ ઔંસના સ્તરે પહોંચી શકે છે.

હાલમાં સોનામાં 4000 ડોલર પ્રતિ ઔંસના સ્તરનો બજારમાં મજબૂત ટેકો છે. યુએસ ફેડરલ રિઝર્વના વ્યાજ દરો અંગેના નરમ વલણ અને ભારતમાં આગામી તહેવારો અને લગ્નની મોસમની ભારે માંગને કારણે બુલિયન માર્કેટને મજબૂત ટેકો મળી રહ્યો છે. યુએસમાં નબળા રોજગાર ડેટા અને ચલણ અને બોન્ડ માર્કેટમાં ઉથલપાથલ પછી, રોકાણકારો હવે માનવા લાગ્યા છે કે યુએસ ફેડરલ રિઝર્વ આક્રમક રીતે વ્યાજ દરમાં વધારો કરવાની સ્થિતિમાં નથી. જો યુએસ ફેડ આ વર્ષે એક વખત વ્યાજ દરમાં વધારો કરે છે, તો પણ તેને કડક નાણાકીય નીતિના નવા રાઉન્ડની શરૂઆત માનવામાં આવશે નહીં.

બજારના વિશ્લેષકોનું માનવું છે કે હાલનું મેક્રો-ઇકોનોમિક વાતાવરણ સોનાની તરફેણમાં છે. 4500 ડોલર પ્રતિ ઔંસની આસપાસ થોડો પ્રતિકાર હોઇ શકે છે, પરંતુ સોનાનું એકંદર વલણ હકારાત્મક રહેશે.

સોનાના રેકોર્ડ ભાવોએ જ્વેલરીના એકંદર વેચાણના વોલ્યુમને અસર કરી હોવા છતાં, ભારતીય રિટેલરો અને ઉત્પાદકોના સેન્ટિમેન્ટમાં નોંધપાત્ર સુધારો થયો છે. તાજેતરમાં જ્વેલરી ઇવેન્ટ્સમાં, ઉત્પાદકો દ્વારા મળેલા ઓર્ડર ગયા વર્ષ કરતા ઘણા વધારે છે. કેટલાક વેપારીઓએ આને કોવિડ રોગચાળા પછીની સૌથી મજબૂત માંગ ગણાવી છે.

ચાલુ કેલેન્ડર વર્ષના પ્રથમ બે ક્વાર્ટરમાં માંગ ધીમી હતી. જોકે, કિંમતો સ્થિર હોવાથી, ગ્રાહકો ફરીથી બજાર તરફ વળી રહ્યા છે, જેના કારણે વર્ષના બીજા ભાગમાં આયાત અને ખરીદી બંનેમાં મોટી રિકવરી થવાની અપેક્ષા છે.

AI ભારતમાં નવી તકો ખોલી રહ્યું છે: ભરતીમાં 51 ટકાનો વધારો

યુએસ કંપનીઓ દ્વારા વિદેશી R&D ભરતીમાં ભારતનો હિસ્સો વધીને 2025 માં 41 ટકા

મુંબઈ, તા. 10 : ભારતમાં AI ક્ષેત્રે ભરતીમાં તીવ્ર વધારો જોવા મળ્યો છે. LinkedIn ના CEO ડેન શાપેરોએ જણાવ્યું હતું કે ભારતમાં AI એન્જિનિયરિંગ નોકરીઓ વાર્ષિક ધોરણે 51 ટકાના દરે વધી રહી છે. તેમના અનુસાર દુનિયાભરમાં ભરતીમાં મંદી આવી છે. જે એઆઈને બદલે ઉંચા વ્યાજ દરને કારણે વધુ લાગે છે.

વૈશ્વિક ભરતી કોરોના મહામારીના અગાઉના સ્તરો કરતા ધીમી છે, પરંતુ લિંક્ડઈન પ્રમાણે તેનું મુખ્ય કારણ AI તરફ આંગળી ચીંધવાને બદલે ઊંચા વ્યાજદારોને કારણે ભરતી પર અસર થઈ છે.

તે જ સમયે, AI ભારતમાં નવી તકો ખોલી રહ્યું છે. AI એન્જિનિયરિંગની ભૂમિકાઓ વાર્ષિક ધોરણે 51 ટકા વધી રહી છે, જ્યારે છેલ્લા દાયકામાં ડેટા સેન્ટર સંબંધિત નોકરીઓ માટે ભરતી ત્રણ ગણી વધી છે.

શાપેરોએ જણાવ્યું હતું કે AI હાલની નોકરીઓને પણ ફરીથી આકાર આપી રહ્યું છે, ઘણી ભૂમિકાઓ માટે જરૂરી કુશળતા બદલાઈ રહી છે, ભલે નોકરીના ટાઈટલ સમાન રહે. ભારતમાં, નોકરી માટે જરૂરી કુશળતા દર વર્ષે લગભગ 12 ટકા ના દરે વિકસિત થઈ રહી છે, એમ તેમણે જણાવ્યું હતું.

લિંક્ડઈનના ડેટા અનુસાર, યુએસ કંપનીઓ દ્વારા વિદેશી R|D ભરતીમાં ભારતનો હિસ્સો 2019 માં 27 ટકા થી વધીને 2025 માં 41 ટકા થયો છે. શાપેરોએ ઉદ્યોગસાહસિકતામાં વધારા તરફ પણ ધ્યાન દોર્યું, જેમાં લિંક્ડઈન સભ્યો પોતાને સ્થાપક તરીકે ઓળખાવે છે તેમની સંખ્યા બમણી કરતા વધુ છે, જે વાર્ષિક ધોરણે 104 ટકા વધી છે.

તેમણે કહ્યું કે છેલ્લા કેટલાક વર્ષોમાં LinkedIn પર નાના વ્યવસાયોમાંથી ભરતીમાં 250 ટકાથી વધુનો વધારો થયો છે.

સ્પેસએક્સ ઇન્ટરનેશનલનો ઓર્ડર મળ્યા બાદ બ્લુ કલાઉડ સોલ્યુશન્સ ઉછળ્યો

મુંબઇ, તા. 10: આઇટી સોફ્ટવેર પ્રોડકટસ બનાવતી કંપની બ્લુ કલાઉડ સોફ્ટેક સોલ્યુશન્સના શેરમાં આજે જબરજસ્ત ઉછાળો જોવાયો હતો. કંપનીનો શેર 16 ટકાથી વધુ ઉછળ્યો હતો. ઉલ્લેખનીય છે કે, સ્પેસએક્સ ઇન્ટરનેશનલ પાસેથી 150 મિલિયન ડોલરનો કોન્ટ્રાક્ટ મળ્યો છે.

બ્લુ કલાઉડ સોફ્ટેકે જાહેરાત કરી હતી કે, તેની સંપુર્ણ માલિકીની યુએસ પેટા કંપની બ્લુ કલાઉડ સોફ્ટેક સોલ્યુશન્સ લિ. યુએસએએએ સ્પેસએક્સ ઇન્ટરનેશનલ સાથે કરાર કર્યા છે. આ કરાર ઓછામાં ઓછો 150 મિલિયન ડોલરનો છે અને 18 મહિના માટે માન્ય છે.

આ સોદો કંપનીના બિઝનેસ ગ્રોથ માટે એક મહત્વપુર્ણ પગલું છે. કંપની એઆઇ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, સાયબર સિક્યોરિટી, ટેલીકોમ સેવાઓ અને ડેટા સેન્ટર સોલ્યુશન્સના ક્ષેત્રોમાં વિસ્તરણ કરી રહી છે.

યાર્ન બજાર સુરત
(GST સાથેના ભાવ)
નરેશ / મુકેશ દીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	રૂ.	૭૫/૩૬ ,,	૧૩૧	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૫૩	૫૦/૩૬ ,,	૧૪૦	૮૦/૭૨ બ્લેક રોટો	૧૪૯.૨૫
૩૦/૩૬ એફડી	૨૬૨.૫	૫૦/૪૮ SD/ક્રેપ	૨૪૬	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૩૬
૬૨/૩૬ ક્રિમ્પ	૧૪૧	૯૦/૩૬ ક્રિમ્પ	૧૩૫.૫	૩૦/૧૪ ક્રિમ્પ	૧૯૫
૬૮/૩૬	૧૩૮.૫	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૪૩
૭૨/૩૬ ક્રિમ્પ	૧૩૬.૫	૧૦૦ ટેક્ષ	૧૩૪.૫	૬૮ ક્રિમ્પ	૧૪૧
૯૦/૩૬ ક્રિમ્પ	૧૩૪.૫	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૩૯.૫
૮૪/૪૮ ક્રિમ્પ	૧૩૫.૫	૮૦/૭૨ રોટો	૧૪૦	૭૫ ક્રિમ્પ	૧૩૮.૫
૩૦/૧૪ ક્રિમ્પ		૮૦/૭૨ ફોલ્ડર	૧૪૯.૨૫	૮૦ ક્રિમ્પ	૧૩૬
૮૦/૭૨ રોટો.	૧૩૮.૫	૧૬૦ ડીસ્કેટ	૪૯.૨૫	૮૦/૭૨ રોટો	૧૪૦
૮૦/૩૬ રોટો.	૧૩૭.૫	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૩૪	૮૦/૧૦૮ ,,	૧૪૧.૫	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૩૯

તેલ બજાર સુરત
૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૩૧૮૦	કોપરેલ	૪૫૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૯૫૦	વનસ્પતિ ઘી	૨૫૯૦
સીંગતેલ (૫ લી)	૯૮૦	સનફ્લાવર	૨૫૮૦
કપાસીયા (૧૫ કિ.)	૨૮૩૦	તલતેલ	૪૫૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૬૦૦	દિવેલ	૨૫૦૦
કપાસીયા (૫ લિ.)	૯૩૦	મકાઇ તેલ	૨૬૦૦
સરસીયું તેલ	૨૯૮૦		

જથ્થાબંધ ખાંડબજાર
પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂ.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૫૨૦૦
એમ-૩૦	૫૨૦૦
એસ-૩૦	૫૧૦૦
ગુજરાત	
એમ-૩૦	૫૧૦૦
એસ-૩૦	૫૦૦૦

સોના-ચાંદી સુરત
(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૫૫૬૭૦
તેજાબી સોનું	૧૫૫૫૮૦
દાગીના-૨૨ કેરેટ	૧૪૭૮૬૦
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૧૫૨૫૬૦
સોનાનાં બિસ્કીટ	૧૫૫૬૭૦૦
ચાંદી (૯૯૯)	૨૩૮૮૦૦
ચાંદી સિક્કા	૨૪૦૩૦૦

ઝારખંડમાં પેપર લીક સામેના આંદોલનમાં ભાજપના નેતાઓ પણ સામેલ થયા છે

જંતરમંતરના સફળ આંદોલન પછી પણ ભારતમાં સ્પર્ધાત્મક પરીક્ષાનાં પેપરો લીક થવાનો સિલસિલો અટક્યો નથી. આ વખતે ઝારખંડ સ્ટાફ સિલેક્શન કમિશન (JSSC-CGL) ની પરીક્ષાનાં પેપરો લીક થયાં છે. ઝારખંડમાં વિદ્યાર્થીઓ સરકારી ભરતી પરીક્ષાઓમાં થયેલી ગેરરીતિઓનો વિરોધ કરી રહ્યાં છે. ઝારખંડની રાજધાની રાંચીમાં વિદ્યાનસભા તરફ કૂચ કરી રહેલાં વિરોધીઓ અને પોલીસ વચ્ચે હિંસક અથડામણ થઈ છે. પોલીસે ઉમેદવારોને વિખેરવા માટે પાણીની તોપનો ઉપયોગ કર્યો છે. ઝારખંડમાં ભાજપ વિપક્ષની ભૂમિકામાં હોવાથી તેના નેતાઓ પણ આંદોલનમાં જોડાયાં છે. નવ દિવસથી ભૂખ હડતાળ પર રહેલા વિદ્યાર્થી નેતા દેવેન્દ્રનાથ મહતો પણ કૂચમાં જોડાયા હતા. વિરોધીઓ વિદ્યાનસભાનો ઘેરાવ કરવા માટે કૂચ કરી રહ્યાં છે. રાંચીના સ્ટેટ ગેસ્ટ હાઉસ ખાતે સરકાર અને આંદોલનકારીઓ વચ્ચે વાતચીત થઈ હતી, જેમાં JPSC (ઝારખંડ પબ્લિક સર્વિસ કમિશન) ની પ્રારંભિક પરીક્ષા રદ કરવાની અને ઉચ્ચ સ્તરીય તપાસ સમિતિની રચના કરવાની માંગણી પર સંમતિ સધાઈ હતી. સરકારનો દાવો છે કે તેણે વિદ્યાર્થીઓની ૯૮ ટકા માંગણીઓ પૂર્ણ કરી છે, પરંતુ વિદ્યાર્થીઓ આ દાવો સ્વીકારી રહ્યાં નથી.

JPSC અથવા ઝારખંડ પબ્લિક સર્વિસ કમિશન રાજ્યમાં વિવિધ ઉચ્ચ-સ્તરીય સરકારી નોકરીઓ માટે ભરતી પરીક્ષાઓનું આયોજન કરે છે. JPSC ની સત્તાવાર વેબસાઇટ સંયુક્ત સિવિલ સર્વિસ પરીક્ષા સહિત વિવિધ ભરતીઓ વિશે માહિતી પ્રદાન કરે છે. JSSC અથવા ઝારખંડ સ્ટાફ સિલેક્શન કમિશન વિવિધ રાજ્ય સરકારી વિભાગોમાં ભરતી માટે પરીક્ષાઓનું આયોજન કરે છે. JSSC ની સત્તાવાર વેબસાઇટ અનુસાર તેની સ્થાપના ૨૦૦૮ ના ઝારખંડ સ્ટાફ સિલેક્શન કમિશન એક્ટ હેઠળ કરવામાં આવી હતી. ૧૪મી JPSC પરીક્ષાનાં પરિણામો જાહેર થયા બાદ કટઓફ અને પરિણામ પ્રક્રિયાની પારદર્શિતા પર પ્રશ્નો ઊભા થયા હતા. પરીક્ષાનાં કેટલાંક પેપરો લીક થતાં હજારો વિદ્યાર્થીઓનું ભવિષ્ય જોખમમાં આવી ગયું છે. ભાજપ અને અન્ય સંગઠનોએ પણ પરિણામો રદ કરવાની અને CBI તપાસની માંગણી કરી હતી.

રવિવારે આંદોલનકારીઓ અને સરકાર વચ્ચે થયેલી વાતચીતમાં ૧૪મી JPSC પ્રિલિમિનરી પરીક્ષા રદ કરવા અને ઉચ્ચ સ્તરીય તપાસ સમિતિની રચના કરવાની માંગણી પર સંમતિ સધાઈ હતી. જો કે, JSSC-CGL પરીક્ષા રદ કરવાની માંગણી પર રાજ્ય સરકારે કહ્યું કે આ પરીક્ષા હાઇકોર્ટ અને સુપ્રીમ કોર્ટના નિર્દેશો અનુસાર લેવામાં આવી હતી અને હાલમાં તેમની દેખરેખ હેઠળ છે, તેથી સરકારને તેને રદ કરવાનો અધિકાર નથી. વિદ્યાર્થીઓએ CGL પરીક્ષામાં CBI તપાસની માંગણી કરી હતી, પરંતુ સરકાર તેના માટે તૈયાર નહોતી. સરકારે કહ્યું છે કે નિવૃત્ત ન્યાયાધીશની અધ્યક્ષતામાં ન્યાયિક તપાસ કરવામાં આવશે અને જો નાણાંકીય ગેરરીતિઓ જણાશે તો EDને પણ તપાસમાં સામેલ કરવામાં આવશે. આમ છતાં, વિદ્યાર્થીઓ હજુ પણ CBI તપાસની માંગણી પર અડગ છે. વિદ્યાર્થીઓનું કહેવું છે કે તેમને રાજ્યની તપાસ એજન્સીઓ પર વિશ્વાસ નથી અને તેઓ સમગ્ર મામલાની સીબીઆઈ દ્વારા સ્વતંત્ર તપાસ ઇચ્છે છે.

આ આંદોલનમાં વિવિધ વિદ્યાર્થી સંગઠનો સામેલ છે. દેવેન્દ્રનાથ મહતો સહિત અનેક વિદ્યાર્થી નેતાઓ આ આંદોલનમાં મુખ્ય ભૂમિકા ભજવી રહ્યાં છે. આને ફક્ત એક જ રાજકીય પક્ષ દ્વારા ચલાવવામાં આવતી ચળવળ તરીકે વર્ણવવું ખોટું હશે. વિદ્યાર્થી સંગઠનો અને નોકરીનાં અરજદારો ઉપરાંત, રાજકીય પક્ષોના વિદ્યાર્થી કે યુવા સંગઠનો પણ વિવિધ પ્રસંગોએ આ ચળવળના સમર્થનમાં બહાર આવ્યાં છે. કોક્રોચ જનતા પાર્ટી (CJP) એ પણ કહ્યું છે કે તે આંદોલનને ટેકો આપશે. ઝારખંડમાં ભાજપ મુખ્ય વિપક્ષ હોવાથી તે પણ આંદોલનમાં જોડાયો છે. મુખ્યમંત્રીના નિવાસસ્થાનની બહાર વિરોધ પ્રદર્શન કરી રહેલા ભાજપના નેતાઓની પોલીસે અટકાયત કરી છે. અટકાયત કરાયેલા નેતાઓમાં ભાજપના પ્રદેશ પ્રમુખ આદિત્ય સાહુ અને ભૂતપૂર્વ મુખ્યમંત્રી બાબુલાલ મરાંડી સહિત પાર્ટીના અન્ય ધારાસભ્યોનો સમાવેશ થાય છે.

દરમિયાન, અભિનેતા અને ગાયક પિયુષ મિશ્રાએ પણ શનિવારે જયપાલસિંહ મુંડા સ્ટેડિયમની મુલાકાત લઈને વિરોધ કરી રહેલાં વિદ્યાર્થીઓને મળ્યા હતા. તેમણે આંદોલનને પોતાનો ટેકો વ્યક્ત કર્યો હતો. વિરોધ સ્થળ પર પહોંચીને તેમણે વિરોધ કરી રહેલાં વિદ્યાર્થીઓને ટેકો આપ્યો અને તેમની માંગણીઓ સાથે એકતા વ્યક્ત કરી હતી. પત્રકારો સાથે વાત કરતાં પિયુષ મિશ્રાએ કહ્યું કે મેં આમાંના કેટલાક વિરોધીઓના ઇન્ટરવ્યુ જોયા અને તેમની આંખોમાં દુઃખ જોયું. મેં તેમની મુશ્કેલીઓ અને તેમનાં આંસુ જોયાં. આ જ મારા માટે અહીં આવવાની પ્રેરણા હતી. તેમણે કહ્યું કે હું યુવાનોને ખૂબ પ્રેમ કરું છું અને તેમની સાથે ઊભો રહેવા આવ્યો છું. પિયુષ મિશ્રાએ કહ્યું કે છેલ્લા ત્રણ-ચાર દિવસથી તેઓ ઉમેદવારોને તેમની શ્રેષ્ઠ ક્ષમતા મુજબ મદદ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે અને આંદોલનમાં તેમની સાથે ઊભા છે. નાણાંકીય મદદની સાથે તેમને ખોરાક, સાદડીઓ અને તાડપત્રી જેવી આવશ્યક વસ્તુઓ પણ પૂરી પાડવામાં આવી રહી છે.

શુક્રવારે કોક્રોચ જનતા પાર્ટી (CJP) નું એક પ્રતિનિધિમંડળ પણ વિરોધ સ્થળ પર પહોંચ્યું હતું અને આંદોલનને ટેકો આપ્યો હતો. CJP પ્રવક્તા આશુતોષ રંકાએ X ને જણાવ્યું હતું કે CJP ની એક ટીમ રાંચી પહોંચી ગઈ છે. ટીમ જંતરમંતર આંદોલનના અનુભવનો ઉપયોગ ઝારખંડમાં વિરોધ કરી રહેલાં વિદ્યાર્થીઓને મદદ કરવા માટે કરશે. સંગઠનનું નેતૃત્વ પણ ટૂંક સમયમાં રાંચી પહોંચશે. ઝારખંડમાં વિદ્યાર્થી આંદોલનને સમર્થન આપતાં તેમણે કહ્યું કે તેમને વિદ્યાર્થીઓ પર ગર્વ છે અને તેઓ તેમની સાથે મજબૂત રીતે ઊભા છે. તેમણે વિદ્યાર્થીઓને એકતા જાળવી રાખવા અને તેમની લડાઈ ચાલુ રાખવા અપીલ કરી અને કહ્યું કે આંદોલન ટૂંક સમયમાં સફળ થશે.

શુક્રવારે ભાજપની વિદ્યાર્થી પાંખ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP) એ આંદોલનના સમર્થનમાં મુખ્યમંત્રી હેમંત સોરેનના નિવાસસ્થાન તરફ કૂચ કરી હતી. આ કૂચ ડો. શ્યામાપ્રસાદ મુખર્જી યુનિવર્સિટીથી શરૂ થઈ હતી. મુખ્યમંત્રીના નિવાસસ્થાન પાસે પોલીસ બેરિકેડ પાર કરવાનો પ્રયાસ કરતી વખતે ABVP કાર્યકરો અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું. પોલીસે આઠથી દસ વિરોધીઓની અટકાયત કરી હતી. ભરતી પરીક્ષાઓમાં કથિત અનિયમितતાનો વિરોધ કરી રહેલાં વિદ્યાર્થીઓના સમર્થનમાં ABVP એ કૂચનું આયોજન કર્યું હતું.

શુક્રવારે જ ઝારખંડ વિદ્યાનસભા તરફ કૂચ દરમિયાન AISF નાં રાષ્ટ્રીય અધ્યક્ષ નેહા બોરા પર શાહી ફેંકવાનો મામલો પ્રકાશમાં આવ્યો હતો. નેહા બોરાએ કહ્યું કે વિદ્યાર્થીઓ સાથે હોવાનો દાવો કરનારા ભાજપ અને આરએસએ